SURBHI

**Surbhi Industries Limited**
**Regd. Office** 'Surbhi House',
F. P. No. 206, 2nd Floor,
B/h. Old Sub Jail,
Khatodara, Ring Road,
Surat - 395002 Gujarat, India.
**GSTIN** : 24 AADCS 4385 E 1ZF
**PAN No.** : AADCS 4385 E

Date: 31.01.2024

To
The Manager
Department of Corporate Services
BSE Ltd.
Dalal Street, Fort
Mumbai – 400 001

**Sub. - : Publication of Newspaper Advertisement – Unaudited Financial Results For The Quarter Ended 31st December, 2023.**

**Ref. -: Scrip Code - 514260**

Sir / Madam,

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we have published the newspaper advertisements for the above-mentioned results in Western Times (English) and Western Times (Gujarati) today. Please find herewith attached the Extract of Unaudited Financial Results for your kind perusal.

Kindly take the same on your records and acknowledge the receipt.

Thanking you,

Yours faithfully,

**For Surbhi Industries Limited**

RAVJIBHAI PARBATBHAI PATEL

Digitally signed by RAVJIBHAI PARBATBHAI PATEL
DN: cn=RAVJIBHAI PARBATBHAI PATEL c=IN l=SURAT o=Personal e=SURBHI0609@GENMAIL.IN
Reason: I am the author of this document
Location:
Date: 2024-01-31 10:49+05:30

**Ravjibhai P. Patel**
**Managing Director**
**DIN: 00023332**
Encl: as above

# સ્પોર્ટ્સ અપડેટ

## ટીમમાં અનુભવની કમી, પુજારા જેવા બેટરની જરુર, હરભજન સિંહ



**(એજન્સી)મુંબઇ,** ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનાર બીજી ટેસ્ટ પહેલા ભારતીય ટીમને તેના પ્લેઇંગ-૧૧માં ફેરફાર કરવા પડ્યા છે. કારણ કે રવિન્દ્ર જાડેજા અને કે.એલ રાહુલ ઈજાગ્રસ્ત હોવાના કારણે ટીમમાંથી બહાર થઈ ગયા છે. આવી સ્થિતિમાં પસંદગીકારોએ સરફરાઝ ખાન, વોશિંગ્ટન સુંદર અને સૌરભ કુમારને ટીમમાં સામેલ કર્યા છે. તેના પર પૂર્વ ક્રિકેટર હરભજન સિંહનું માનવું છે કે, "ટીમ સિલેક્શનને જોતા સ્પષ્ટ લાગે છે કે વિશાખાપટ્ટનમમાં પણ સ્પિનિંગ ટ્રેક હશે. બેટિંગમાં અનુભવનો અભાવ છે જેથી મને એ પણ ડર છે કે વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલ જેવું કંઈક ભારત સાથે થઈ શકે છે.''

હરભજન સિંહે કહ્યું, "બીજી ટેસ્ટ મેચ માટે પસંદ કરવામાં આવેલી ટીમમાં રોહિત શર્મા પછી માત્ર અશ્વિન ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. આ રીતે બેટિંગમાં અનુભવનો અભાવ છે. તેઓએ સરફરાઝ ખાનને પસંદ કર્યો છે, જે એક પણ મેચ રમ્યો નથી, જ્યારે ચેતેશ્વર પુજારા જેવો ખેલાડી હાલમાં રણજી ટ્રોફીમાં સતત રન બનાવી રહ્યો છે. આ સિવાય તેઓએ બે સ્પિનરોને ટીમમાં સામેલ કર્યા છે. આ સૂચવે છે કે વિશાખાપટ્ટનમમાં સ્પિન ટ્રેક હશે, પરંતુ પ્રશ્ન એ છે કે તેના પર ભારત માટે રન કોણ બનાવશે.''

હરભજને કહ્યું, 'ટીમ સારી દેખાય છે, પરંતુ અનુભવનો અભાવ છે. હા, રોહિત શર્મા છે, પરંતુ તેના પછી સર્વશ્રેષ્ઠ રન-સ્કોરર અશ્વિન છે. બેટિંગ મુજબ, લાઇનઅપ નબળી લાગે છે અને જો તેઓ ટર્નિંગ ટ્રેક પર રમે છે, જે મને લાગે છે કે તેઓ કરશે, કારણ કે તેઓએ કુલદીપ યાદવ, અશ્વિન અને અક્ષર પટેલ સાથે વોશિંગ્ટન સુંદરને ટીમમાં સામેલ કર્યો છે. મને ડર છે કે ઈંગ્લેન્ડ માટે ટર્નિંગ પિચ બનાવ્યા પછી ભારત હારી શકે છે. આ બેટિંગ યુનિટ યુવા છે, તેઓને સમયની જરૂર છે અને જો તેઓને સારો ટ્રેક મળે તો તેઓ સારું પ્રદર્શન કરી શકે છે.'

## મારી ઈચ્છા છે કે ટી ૨૦ વર્લ્ડ કપમાં રિષભ પંત ટીમ ઈન્ડિયાનો ભાગ બને : ગાવસ્કર

**(એજન્સી)મુંબઇ,** ૨૦૨૪ જૂન મહિનામાં યુએસએ અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાશે. પરંતુ ભારતીય ટીમના વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતના રમવા પર સસ્પેન્સ અકબંધ છે. જો કે રિષભના ટી ૨૦ વિશ્વકપ ૨૦૨૪માં રમવા અંગે પૂર્વ ભારતીય ખેલાડી સુનિલ ગાવસ્કરે મોટું નિવેદન આવ્યું છે. ગાવસ્કરનું માનવું છે કે વર્લ્ડકપ માટે ભારતીય સ્ક્વોડમાં વિકેટકીપરના સ્થાન માટે ૩ ખેલાડીઓ વચ્ચે સ્પર્ધા જોવા મળશે. પરંતુ ગાવસ્કર ઈચ્છે છે કે ટી ૨૦ વિશ્વ કપ ૨૦૨૪માં પંત ભારતીય ટીમનો ભાગ બને.

સુનિલ ગાવસ્કરે કહ્યું કે, 'હું કે.એલ રાહુલને વિકેટકીપર બેટ્સમેન તરીકે જોઈ રહ્યો છું. પરંતુ તે પહેલા હું એક વાત કહેવા માંગુ છું કે જો રિષભ પંત ફિટ છે તો તેણે ટીમમાં આવવું જોઈએ, કારણ કે તે દરેક ફોર્મેટમાં ગેમ ચેન્જર છે. જો હું પસંદગીકાર હોઉં, તો હું તેનું નામ સૌથી આગળ રાખીશ. આ સારું રહેશે અને ટીમમાં સંતુલન પણ બનાવશે. જો રિષભ પંત ટીમનો ભાગ છે, તો તમારી પાસે તેનો ઓપનર અથવા મિડલ ઓર્ડર બેટ્સમેન તરીકે ઉપયોગ કરવાનો વિકલ્પ હશે.'

સુનિલ ગાવસ્કરે વધુમાં કહ્યું, ટી ૨૦ વિશ્વકપના ટીમ સિલેકશન માટે ભારતીય ખેલાડીઓમાં એક સારી સ્પર્ધા જોવા મળી રહી છે. તમામ ૩ ખેલાડીઓ વિકેટકીપર તરીકે સારા છે. અમે જિતેશ શર્માને જોયો છે, તે એક ખુબ સારો ફિનિશર અને સ્ટ્રાઈકર છે.' તેણે વધુમાં કહ્યું,ટી ૨૦ ફોર્મેટમાં સામાન્ય રીતે વિકેટકીપર પાછળ રહે છે, એવું બહુ ઓછું હોય છે કે જયારે તેઓ સ્ટમ્પની નજીક હોય છે. જેથી ભલે તમારી પાસે વિકેટકીપિંગમાં એટલી કુશળતા ન હોય, પરંતુ જો તમારી પાસે બેટિંગ અને ફોર્મ હોય, તો તમે ટીમમાં પાછા આવી શકો છો.'

## કેડિલા ફાર્માસ્યુટિકલ્સે CPR અને ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ આપવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાથે હાથ મિલાવ્યા

**અમદાવાદ,** દેશની ટોચની ફાર્માસ્યુટીકલ કંપનીઓ પૈકી, કેડિલા ફાર્માસ્યુટીકલ્સે ગુજરાત રાજ્યની ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાથે જોડાણ કરી કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR) અને ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટનો હેતુ અમદાવાદ અને મહેસાણાના ૫૦ હજાર વિદ્યાર્થીઓને જરૂરી એવી લાઈફ-સેવિંગ સ્કીલ (જીવન રક્ષક કૌશલ્ય)ની તાલીમ આપવાનો છે.

કડી સ્થિત આદર્શ જ્ઞાન સાગર સ્કૂલમાં ૨૫ જાન્યુઆરીએ આ પ્રોગ્રામનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જ્યાં ૩૦૦૦ વિદ્યાર્થીઓને પ્રેક્ટિલ નોલેજ અને સેશન્સ મારફત આ અંગે તાલીમ આપવામાં આવી હતી. આ ઈવેન્ટમાં મહેસાણા જિલ્લા કો-ઓપરેટિવ બેન્કના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલ, ઈન્દ્રશીલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી ધર્મેશ શાહ, અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીનું પ્રતિનિધિત્વ કરતાં ગુજરાત રાજ્ય શાખામાંથી શ્રી નરેશભાઈ અને મનિષાબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી હાર્ટ અટેક (હ્દય હુમલો)ના વધતા કેસો અટકાવવાના ભાગરૂપે આ પ્રોગ્રામ માર્ચ, ૨૦૨૪ સુધી યોજાશે. જેના ભાગરૂપે કેડિલા ફાર્માસ્યુટીકલ્સ આવતીકાલનુ ભવિષ્ય ગણાતા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને હાર્ટ અટેકની કટોકટી દરમિયાન ફર્સ્ટ એઈડ-સીપીઆર જેવી અસરકારક સારવાર આપવા સજ્જ બનાવવાની ખાતરી આપતાં જીવન બચાવવા તેની જરૂરિયાત વિશે જાગૃત્તિ ફેલાવવા પ્રતિબદ્ધ છે.

## BOB ફાયનાન્સિયલ સોલ્યુશન્સ લિમિટેડે BOBCARD લિમિટેડનું અનાવરણ કર્યું

**મુંબઈ,** બેંક ઓફ બરોડાની સંપૂર્ણ માલિકીની પેટાકંપની BOB ફાયનાન્સિયલ સોલ્યુશન્સ લિમિટેડ (BFSL) એ તેની નવી કોર્પોરેટ ઓળખ - BOBCARD લિમિટેડનું અનાવરણ કર્યું છે. 'ક્રેડિટ રિઈમેજીન' ના પ્રભાવશાળી પોઝિશનિંગ સ્ટેટમેન્ટ સાથે તેના ડાયનેમિક લોગોના અનાવરણ દ્વારા રિબ્રાન્ડિંગ પ્રયાસને વધારવામાં આવે છે.

માત્ર વિઝ્યુઅલ ટ્રાન્સફોર્મેશન ઉપરાંત, BOBCARDનું રિબ્રાન્ડિંગ ઉત્તમ ક્રેડિટ સોલ્યુશન્સ અને ગ્રાહક-કેન્દ્રિત ઑફરિંગ સાથે દેશના ક્રેડિટ લેન્ડસ્કેપની પુન:કલ્પના કરવાની પ્રતિબદ્ધતા બતાવે છે. નવી બ્રાન્ડનું વચન 'ક્રેડિટ રીઈમેજીન' એ ગ્રાહક-કેન્દ્રિત, ઉકેલ-આધારિત સહાયની પ્રતીતિ છે જે નવીનતા દ્વારા સેવાની ખાતરી આપે છે. તે ઉત્પાદનો અને સેવાઓનું સર્જનાત્મક પ્રદર્શન છે, જે દેશના દરેક વ્યક્તિની સતત બદલાતી જરૂરિયાતો અને પસંદગીઓને અનુરૂપ પુનઃકલ્પના કરવામાં આવી છે.

નવી બ્રાન્ડની સફર અંગે ઉત્સાહિત, શ્રી શૈલેન્દ્ર સિંઘ, BOBCARD લિમિટેડના MD અને CEO, જણાવે છે કે, ×આજે અમારી સફરમાં એક મહત્ત્વની ક્ષણ છે કારણ કે અમે અમારી નવી બ્રાન્ડની ઓળખ રજૂ કરી છે. વ્યૂહાત્મક રિબ્રાન્ડિંગ માત્ર અનુકૂલનક્ષમતાને મૂર્ત બનાવે છે પરંતુ BOBCARDને એક વિચારશીલ નાણાકીય ભાગીદાર તરીકે સ્થાન આપે છે.

આ પરિવર્તનના કેન્દ્રમાં નાણાકીય અનુભવો વધારવા અને અમારા સમુદાયને સશક્ત બનાવવાની અમારી કાયમી પ્રતિબદ્ધતા છે.

# પંચમહાલ જિલ્લાના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો પાંચમો વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો

### ૪૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૪૧ વિદ્યાર્થીઓને પી.એચ.ડીની ડીગ્રી અને ૧૬,૧૮૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત : રાજ્યપાલ



**(માહિતી) ગાંધીનગર,** પંચમહાલ જિલ્લાના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાયો હતો.

રાજયપાલશ્રીએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં પદવીધારક વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવીને જણાવ્યું હતું કે, આદિવાસી બહુમૂલ્ય ધરાવતા જિલ્લાઓમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને સરકારના પ્રયત્નો થકી શિક્ષણક્ષેત્રે અમૂલ્ય ક્રાંતિ સર્જાઈ છે. આ યુનિવર્સિટી થકી આ વિસ્તારમાં આજે શિક્ષણની જ્યોત સાથે ઘર આંગણે જ તમામ સુવિધાઓ પણ પ્રાપ્ત થઈ છે. યુનિવર્સિટી ખાતે ૧.૫૦ લાખ વિદ્યાર્થીઓની સાથે ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ પી.એચ.ડી કરી રહ્યા છે તે ખરેખર ગર્વની બાબત હોવાનું જણાવ્યું હતું.

તેમણે પ્રાચીન ભારતીય ગુરુકુળ શિક્ષણ પદ્ધતિ વિશે વાત કરતાં કહ્યું કે, તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા અને પલ્લવી વગેરે સ્થળોએ દુનિયાભરના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા આવતા હતા. તેમણે દીક્ષાંત સમારોહમાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓ, માતા - પિતા અને ગુરુજનોના સંગમરૂપી આજના દિવસે વિદ્યાર્થીઓ સમાજ અને રાષ્ટ્રના હિત માટે કાર્યો કરવાનો સંકલ્પ લે. માનવતાનો ધર્મ એ સૌથી મોટો ધર્મ છે.

મનુષ્યને જીવનના મૂલ્યો શિખવાડનાર માતા - પિતા અને ગુરૂજન દેવતા સમાન છે. ભણતર અને ડિગ્રીની સાથે પોતાના કર્તવ્યોથી સજાગ બનીને માનવ કલ્યાણ માટે કાર્ય કરવું તે જ સાચું શિક્ષણ છે. રાજયપાલશ્રીએ આજે ૩૦ જાન્યુઆરી એટલે કે ગાંધીજીના નિર્વાણ દિવસને યાદ કરીને કહ્યું કે, ઘોર અંધકારમાં એક પ્રકાશની જ્યોત અજવાળું પાથરી શકે છે, તેમ વિદ્યાર્થીઓએ હંમેશા સત્ય અને અહિંસાનો માર્ગ અપનાવીને તેનું આચરણ કરવું જોઈએ. તેમણે આદિવાસી સમાજના ઉદ્ધાર માટે કાર્ય કરનાર શ્રી ગોવિંદ ગુરુને યાદ કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્રના વિકાસ અને ઉન્નતિ માટે વિવિધ ક્ષેત્રોમાં આગળ આવવા જણાવ્યું હતું.

પ્રાકૃતિક ખેતી અંગે રાજયપાલશ્રીએ કહ્યું કે,આજે રાજ્યના ૯ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે. તેમણે ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા આહવાન કર્યું હતું. તેમણે શિક્ષણની જ્યોતની સાથે શ્રેષ્ઠ સમાજ થકી ૨૦૪૭ સુધી વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વિવિધ ક્ષેત્રોમાં વિજેતા ૪૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૪૧ વિદ્યાર્થીઓને પી.એચ.ડીની ડીગ્રી અને ૧૬,૧૮૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ હતી.



દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તથા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિનને દર વર્ષે ૩૦મી જાન્યુઆરીએ 'શહીદ દિન' તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે આજે સવારે ૧૧.૦૦ વાગ્યે દેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરવા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે સહિત જિલ્લા સેવા સદનના અધિકારીઓ અને કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# મહાદેવ એપના પ્રમોટર રવિ ઉપ્પલને દુબઈથી પ્રત્યાર્પણ દ્વારા ભારત લવાશે

**(એજન્સી)નવીદિલ્હી,** મહાદેવ સટ્ટા એપના મામલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને મોટી સફળતા મળી છે જ્યારે મહાદેવ એપના પ્રમોટરોની મુશ્કેલીઓ વધી છે. મહાદેવ એપના પ્રમોટર રવિ ઉપ્પલને ભારત લાવવા માટે સ્પેશિયલ કોર્ટમાં પ્રત્યાર્પણ દ્વારા ભારત લાવવાની મહત્વપૂર્ણ કાનૂની ઔપચારિકતા પૂરી થઈ ગઈ છે. ઈન્ટરપોલ દ્વારા બહાર પાડવામાં આવેલી રેડ કોર્નર નોટિસને કારણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરાયેલ તપાસ કેસમાં રવિ ઉપ્પલને લાંબા સમયથી દુબઈની જેલમાં રાખવામાં આવ્યો હતો.

કાયદાના નિષ્ણાતોના મતે, આવા કિસ્સામાં, ધરપકડના નિયમો અનુસાર, ભારતીય દૂતાવાસે દુબઈ કોર્ટમાં ૬૦ દિવસની અંદર પ્રત્યાર્પણની કાર્યવાહી પૂર્ણ કરવાની હોય છે. આ પછી જ જે તે વ્યક્તિને ભારત લાવી શકાય છે.

હાલમાં મહાદેવ એપના પ્રમોટર્સ રવિ ઉપ્પલ છેલ્લા ૩૨ દિવસથી દુબઈની જેલમાં કસ્ટડીમાં છે. કેન્દ્રીય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ રાયપુરની વિશેષ અદાલતમાં મહત્વપૂર્ણ કાયદાકીય ઔપચારિકતાઓને પૂર્ણ કરવા માટે લાંબા સમયથી પ્રયાસો કરી રહી છે.

આ અંગે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ડૉ. સૌરભ પાંડેએ જણાવ્યું હતું કે, કોર્ટે પ્રત્યાર્પણની અરજી સ્વીકારી લીધી છે. પીએમએલએની કલમ ૫૯ હેઠળ પ્રત્યાર્પણ અંગેના આ આદેશને સ્વીકાર્યા બાદ અરબી ભાષામાં લખેલા દસ્તાવેજોની નકલ વિશેષ અદાલતમાં રજૂ કરવામાં આવી છે. વિશેષ અદાલતે દુબઈ સ્થિત સક્ષમ અદાલતને પ્રત્યાર્પણ માટે વિનંતીનો પત્ર પાઠવ્યો છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આ સમગ્ર કાયદાકીય રેકોર્ડને વિદેશ મંત્રાલયને સોંપશે, ત્યારબાદ તેને વિદેશ મંત્રાલયમાંથી દુબઈમાં ભારતીય હાઈ કમિશનને સોંપવામાં આવશે. ભારતીય હાઈ કમિશન આ દસ્તાવેજ દુબઈની સક્ષમ કોર્ટમાં રજૂ કરશે, ત્યારબાદ દુબઈ કોર્ટ દ્વારા પ્રત્યાર્પણ માટે કાનૂની સંમતિ આપવામાં આવશે.

આ પછી જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ રવિ ઉપ્પલને કસ્ટડીમાં લઈ ભારત લાવી શકશે. જણાવવામાં આવી રહ્યું છે કે છત્તીસગઢ સહિત દેશભરમાં ઓનલાઈન સટ્ટાબાજીના આ મોટા કૌંભાડમાં રવિ ઉપ્પલ પાસેથી પૈસા ક્યારે અને કેવી રીતે ટ્રાન્સફર થયા તેની માહિતી મળશે. આ જ કારણ છે કે આ કેસ સાથે જોડાયેલા ઘણા વરિષ્ઠ નેતાઓ અને અધિકારીઓની મુશ્કેલીઓ પણ વધી શકે છે.

# નીતિશ સરકાર ૧૦ તારીખે વિશ્વાસ મત હાંસલ કરશે

**(એજન્સી)પટણા,** બિહારના નીતિશ કુમારે મહાગઠબંધન સાથે છેડો ફાડીને ફરી એકવાર ભાજપ સાથે સરકાર બનાવીને ૯મી વાર મુખ્યમંત્રીના શપથ લીધા હતા. નીતિશ સરકારે ૧૦ તારીખે વિશ્વાસ મત મેળવશે. આ માટેની તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સોમવારે સાંજે મુખ્યમંત્રી નીતિશ કુમારની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી આવાસ પર આયોજિત આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહા હાજર રહ્યા હતા. અગાઉ ૧૨ ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર યોજાવાની વાત હતી.એનડીએએ ૨૮ જાન્યુઆરીએ જ વર્તમાન વિધાનસભા અધ્યક્ષ અવધ વિહારી ચૌધરી વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ આપ્યો છે. આવી સ્થિતિમાં, નિયમો અનુસાર, વિધાનસભાનું સત્ર ૧૪ દિવસ પછી જ બોલાવી શકાય છે. આથી ૧૦મી ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી છે.

નોંધનીય છે કે ૧૦ ફેબ્રુઆરીએ સૌથી પહેલા વિધાનસભા અધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવશે. તેમને પદ પરથી હટાવ્યા બાદ નીતીશ સરકાર ગૃહમાં વિશ્વાસ મત માંગશે. જોકે આ માત્ર ઔપચારિકતા હશે. કારણ કે, નીતીશ કુમાર પાસે ગૃહમાં સંપૂર્ણ બહુમતી છે. તેમની પાસે ૧૨૮ ધારાસભ્યોનું સમર્થન છે. આ ૧૨૩ ના બહુમતી ચિહ્ન કરતાં વધુ છે. જેડીયુ અને બીજેપી ઉપરાંત નવી સરકારને અમારું અને એક અપક્ષ ધારાસભ્યનું સમર્થન પણ છે. જ્યારે ભાજપના ૭૮ અને જેડીયુના ૪૫ ધારાસભ્યો છે, અમારી પાસે ચાર ધારાસભ્યો છે.

# રાજસ્થાનમાં ગંભીર વિજળી સંકટ

**(એજન્સી)જયપુર,** છત્તીસગઢમાં ભાજપની નવી સરકાર બન્યા બાદ હસદેવ બચાવોના નામે રાજકારણ શરૂ થયું. દરમિયાન, રાજસ્થાન સ્ટેટ ઈલેક્ટ્રિસિટી જનરેશન કોર્પોરેશન લિમિટેડના સીએમડી આરકે શર્મા હાલમાં છત્તીસગઢના પ્રવાસે છે. આ દરમિયાન, તેમણે છત્તીસગઢના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી અને રાજસ્થાન વિદ્યુત નિગમને ફાળવવામાં આવેલી ખાણમાં કોલસાની ખાણકામ સરળતાથી શરૂ કરવાની માંગ કરી.

આરકે શર્માએ કહ્યું, 'રાજસ્થાનમાં વીજ ઉત્પાદન માટે કોલસાનો અડધો પુરવઠો છત્તીસગઢમાં કોર્પોરેશનને ફાળવવામાં આવેલી ખાણોમાંથી આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી રાજસ્થાન તેના પ્લાન્ટ ચલાવવા માટે કોલસાની અછતનો સામનો કરી રહ્યું છે. રાજસ્થાન સરકારના ત્રણ ૪૩૫૦ મેગાવોટ પાવર પ્લાન્ટ છપરા, કાલીસિંધ અને સુરતગઢ પાવર પ્લાન્ટનું ઉત્પાદન છત્તીસગઢના કોલસા પર આધારિત છે.

હકીકતમાં, વર્ષ ૨૦૦૭માં કેન્દ્ર સરકારે રાજસ્થાન સરકારને કોલ બ્લોક્સ ફાળવ્યા હતા, જેમાં કોલસાની ખાણકામ થઈ રહી હતી. આ ખાણોમાંથી કોલસો સપ્લાય કરવાનો હતો. તેથી રાજસ્થાન સરકારે રૂ. ૩૫ થી ૪૦ હજાર કરોડના ખર્ચે પાવર પ્લાન્ટ સ્થાપ્યા. હવે કેટલીક એનજીઓ સુરગુજામાં ફાળવવામાં આવેલી ખાણોના પારસા પૂર્વ કેતેબાસન એક્સટેન્શનમાં ખાણકામના કામનો વિરોધ કરી રહી છે અને લોકોને જંગલના વિનાશ વિશે ખોટી માહિતી આપી રહી છે.

રાજસ્થાનમાં વીજળીની કટોકટી વધુ ઘેરી બનવાના ભય વચ્ચે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈને પત્ર લખીને પારસા પૂર્વ કેતેવાસન એક્સટેન્શનને સરળતાથી ચલાવવા માટે સહયોગની માંગ કરી છે. આ પહેલા તત્કાલિન કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી અશોક ગેહલોતે પણ છત્તીસગઢની મુલાકાત લીધી હતી અને તત્કાલિન મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને વિનંતી કરી હતી. બંને રાજ્યોમાં સરકાર બદલાયા બાદ ફરી એકવાર રાજસ્થાન વિદ્યુત નિગમના સીએમડી આરકે શર્મા છત્તીસગઢના પ્રવાસે છે. તેમણે મંત્રાલયમાં અધિકારીઓને મળ્યા અને કોલસાના ઉત્પાદનમાં આવી રહેલી સમસ્યાઓ અંગે ચર્ચા કરી અને શક્ય તેટલી વહેલી તકે તેના ઉકેલની માંગ કરી.

## ભાજપ પોતાના સાંસદોને શીખવશે કે કેવી રીતે વિસ્તારમાં જઇને મતદારો પાસે વોટ માંગવા

**(એજન્સી)લખનૌ,** ભાજપે હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે મેદાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તમામ સાંસદો, ધારાસભ્યો અને મંત્રીઓને ૧ ફેબ્રુઆરીથી દરેક ગામમાં કેમ્પ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ વખતે ભાજપ તમામ સાંસદો અને ધારાસભ્યોને વોટ કેવી રીતે માંગવા તે શીખવશે? આ સાથે તેમણે સરકારી યોજનાઓને પાયાના સ્તરે લાગુ કરવા શું કરવું જોઈએ. આ તાલીમ વર્ચ્યુઅલ રીતે ટૂંક સમયમાં શરૂ થશે. ગુરુવારે આશિયાના સ્થિત ક્લબમાં સીએમ યોગી અને રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડેના નેતૃત્વમાં આ અંગે ચર્ચા થઈ હતી.

પાર્ટીની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને યુપીની ૮૦ લોકસભા સીટોને ૨૦ ક્લસ્ટરમાં વહેંચવામાં આવી છે. ચાર લોકસભા બેઠકો દરેક એક ક્લસ્ટરમાં રાખવામાં આવી છે. દરેક ક્લસ્ટરની જવાબદારી પૂર્વ પ્રદેશ પ્રમુખ, પૂર્વ મંત્રી કે વરિષ્ઠ નેતાને આપવામાં આવી છે. ભાજપે એ પણ નક્કી કર્યું છે કે હવે તે મતદારોના સૂચનના આધારે જ પોતાનો મેનિફેસ્ટો (લોકસંકલ્પ પત્ર) તૈયાર કરશે. શું ભાજપ ટૂંક સમયમાં સાંસદો અને ધારાસભ્યોને વોટ કેવી રીતે માંગવા તે શીખવશે? આ સાથે તેમને એ પણ જણાવવામાં આવશે કે સરકારી યોજનાઓને લોકો સુધી કેવી રીતે યોગ્ય રીતે પહોંચાડવી.

**અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ.**
સેન્ટ્રલ ઓફિસ, ટ્રાન્સપોર્ટ હાઉસ, જમાલપુર, અમદાવાદ-૨૨
ઈ-ટેન્ડર નં.-વમે/૬/૨૦૨૩-૨૪ માટેની નોટીસ

ફ્લાઈંગ વિભાગ માટે ડ્રાયવર સહિત ઈકો મારુતિ મોડેલ જાન્યુઆરી-૨૦૨૦ અથવા તે પછી રજીસ્ટર થયેલ, નોન એ.સી., સીટીંગ કેપેસીટી (૧+૪)ના ૧૦ નંગ વાહનો પ્રતિ દિન ૧૬ કલાક ઓપરેશન માટે પુરા પાડવા ભાવોની ઓફર મંગાવવામાં આવે છે. ટેન્ડરની સંપૂર્ણ માહિતી નીચે દર્શાવેલ વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. ભાવો ફરજીયાત પણે ઓનલાઈન ભરવાના રહેશે.

ઓનલાઈન ભાવ ભરવાની છેલ્લી તારીખ, સમય અને વેબસાઈટનું નામ, તા.૨૦-૦૨-૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી https://tender.nprocure.com

અ.મ્યુ.ટ્રા.સ.સંબંધિત સુચન/ફરિયાદ માટે ડાયલ કરી ટોલ ફ્રી ૧૮૦૦ ૨૩૩૦૮૮૧
(અ.મ્યુ.ટ્રા.સ.દ્વારા પ્રકાશિત)

Franklin Templeton Mutual Fund

Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.

Venue :
Nrich Skyotel, Nrich Skyotel, Near Axis Bank,
Luncikui-Gandevi Road, JN Tata Rd, Navsari 396445

Date: 2nd February, 2024
Time: 7.00 p.m.

Contact Person: Jigar Desai (9725043004)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully

Franklin Templeton Mutual Fund

Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.

Venue :
Crown Plaza, Prahaladnagar Cross Road,
S G Highway, Satellite, Ahmedabad 380015

Date: 2nd February, 2024
Time: 6.30 pm

Contact Person: Pravin Sumesara (9898018526)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully

**પશ્ચિમ રેલવે-વડોદરા**

**ટ્રેક બ્રિજીસ પર સાઈડ પાથવે ની જોગવાઈ અને ફિક્સીંગ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. DYCE-BR-BRC-02-2024**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ એન્જીનીયર (બ્રીજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 તરફ થી નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નં. DYCE-BR-BRC-02-2024 કામનું નામ:** "રતલામ મંડળ:- SSE/Bridge/RTMના અધિકારક્ષેત્રમાં મુખ્ય/અગત્યના બ્રિજ નં. 26 UP, 299 UP, 114 UP, 142 UP/DN, 229, 256 DN, 367, 338, 378, 437, 439, 450 અને SSE/Bridge/UJN ના અધિકારક્ષેત્રમાં બ્રિ. નં. 22 DN, 72 DN અને 101 DN (16 બ્રિજીસ) ઉપર સાઈડ પાથવે ની જોગવાઈ અને ફિક્સીંગ કરવાનું કામ." **કામની અંદાજીત પડતર:** ₹ 6,73,01,952.14, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી:** ₹ 4,86,500.00, **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર તા.04-03-2024 ના રોજ 15:00 કલાક પહેલા જમા કરાવવાનું રહેશે અને તે જ તારીખે 15:30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરે :** ડેપ્યુટી ચીફ એન્જીનીયર (બ્રિજ લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. **વેબસાઈટ @ www.ireps.gov.in** BRC-316

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**વેસ્ટર્ન ટાઇમ્સ**

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

**PUBLIC NOTICE FOR CHANGE OF ADDRESS OF BRANCH OFFICE AND SHIFTING AT NEW ADDRESS**

**ORIX Leasing & Financial Services India Limited**
Registered Office : Plot No.94, Marol Co-operative Industrial Estate, Andheri-Kurla Road, Andheri (East), Mumbai - 400059 Website: www.orixindia.com; Tel:- 022-67070100

With reference to the captioned subject, the company shall close its Branch Office located at 801, Kaivanna Complex, Near Central Mall, Panchvati Ellis Bridge, Ahmedabad– 380006 effective 1st May, 2024 and relocate at 402, Kaivanna Complex, Near Central Mall, Panchvati Ellis Bridge, Ahmedabad - 380006. All accounts currently maintained at this branch will be transferred to our new office address as mentioned above. In case of any queries, the customers can contact the Company at our Ahmedabad branch office or at our registered office or can reach our **customer care representatives at +91 9877333444 /customercare@orixindia.com.**

**જાહેર નોટીસ**

**ફોર્મ નંબર આઈએનસી-૨૬**
**કંપનીની રજિસ્ટર્ડ ઓફિસને દમણ અને દીવ રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં બદલવા માટે અખબારમાં જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે**

**કેન્દ્ર સરકાર સમક્ષ, પ્રાદેશિક નિયામક, પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈ બેંચ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, મુંબઈ બેંચ સમક્ષની કલમ ૧૩ ની પેટા કલમ ૪ ની બાબતમાં કંપની એક્ટ ૨૦૧૩ અને પેટા-કલમ (૫) ની કલમ (એ) કંપનીઝ (ઇન્કોર્પોરેશન) નિયમો ૨૦૧૪ના નિયમ ૩૦ના અને મેસર્સ સિલ્વર સ્ટ્રીમ ઇક્વિટીઝ પ્રાઇવેટ લિમિટેડ જેની રજીસ્ટર ઓફીસ દુકાન નં.૧૧, જી સિનેમા સ્ક્રીન ૩ બિલ્ડીંગ, સોમનાથ જંક્શન, ગામ ડાભેલ, નાની દમણ, દમણ-૩૯૬૨૧૫ ખાતે આવેલ છે તેની બાબતમાં**

**..........અરજદાર**

આથી સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે કંપનીએ કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૧૩ હેઠળ કેન્દ્ર સરકારને અરજી કરવાની દરખાસ્ત કરી છે, જેમાં આયોજિત અસાધારણ સામાન્ય સભામાં પસાર કરવામાં આવેલા વિશેષ ઠરાવની અવધિમાં કંપનીના મેમોરેન્ડમ ઓફ કંપનીઝમાં ફેરફારની પુષ્ટિ માંગવામાં આવી છે. મંગળવાર, જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૬મી તારીખે કંપનીને તેની નોંધાયેલ ઓફિસ દમણ અને દિવ રાજ્યથી ગુજરાત રાજ્યમાં બદલવા માટે સક્ષમ બનાવવા માટે.

કોઈપણ વ્યક્તિ, જેનું હિત સૂચિત ફેરફારથી પ્રભાવિત થવાની સંભાવના છે, તે એમસીએ પોર્ટલ (www.mca.gov.in) પર રોકાણકારની ફરિયાદનું કારણ ભરીને ડિલિવરી કરી શકે છે અથવા તેના/તેણીના વાંધાઓ રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલી શકે છે. આ સૂચના પ્રકાશિત થયાના ૨૧ દિવસની અંદર તેના કોર્પોરેટ ખાતે અરજદાર કંપનીને એક નકલ સાથે એવરેસ્ટ પાંચમો માળ, ૧૦૦ મરીન ડ્રાઈવ, મુંબઈ- ૪૦૦૦૦૨ સરનામાં પર પ્રાદેશિક નિયામકના તેના રસની પ્રકૃતિ અને વિરોધનું કારણ દર્શાવતી એફિડેવિટ દ્વારા સમર્થિત નીચે જણાવેલ સરનામે ઓફિસ:

**રજીસ્ટર્ડ ઓફિસનું સરનામું:** ગિફ્ટ સિટી ૧૫૧૩-૧૫૧૭, DSCCSL ટાવર (૫૩ઈ), રોડ-૫ઈ, બ્લોક નં.૫૩, ઝોન-૫, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫

આ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૪

**અરજદાર માટે અને વતી**
સહી/-
ડાયરેક્ટર
ડીન:૦૨૧૫૯૯૯૩

**SURBHI INDUSTRIES LIMITED**

**ANNEXURE I**
**CIN: L17110GJ1992PLC017672**
**Reg.** : "SURBHI HOUSE", 2nd Floor, F. P. No. 206, B/h Old Sub-Jail, Ring Road, Khatodara, Surat. GUJARAT 395002

**Extract of Unaudited Financial Results for the Quarter and Nine Month Ended December 31, 2023**

(Rs. In Lacs)

| Sr No. | PARTICULARS | Current Quarter ending | Year to Date | Corresponding 3 months ended in the previous year |
|---|---|---|---|---|
| | | 31-Dec-23 | 31-Dec-23 | 31-Dec-22 |
| 1 | Total Income from Operations | 585.19 | 1440.10 | 428.55 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | -3.380 | -186.820 | -187.42 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items and/or Extraordinary items#) | -3.380 | -186.820 | -187.42 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | -3.380 | -186.820 | -187.42 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | -3.380 | -186.820 | -187.42 |
| 6 | Equity Share Capital | 34374000 | 34374000 | 34374000 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | 1524.30 | |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for"continuing and discontinued operations) | | | |
| | 1) Basic: | -0.10 | -5.43 | -5.45 |
| | 2) Diluted: | 0.00 | 0.00 | 0.00 |

**Note :**

a) The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. (URL of the filings).

b) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.

c) Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

**Place : Surat**
**Date : 30.01.2024**

**For, Surbhi Industries Limited**
**Managing Director**
**Sd/- Ravjibhai Parbatbhai Patel**
**(DIN: 00023332)**

## Sterlite Power secures new orders worth INR 1,400 Crores in Q3 FY '24

New Delhi, Sterlite Power has continued its robust performance with new orders worth ~INR 1,400 crores for its Global Products and Services (GPS) business in Q3 FY'24. This brings the cumulative order win for the first 9 months of FY24 to a strong ~INR 4,700 crores. These orders include high-performance power conductors, optical ground wire (OPGW), power cables from domestic and export markets. Further, the company has also received orders for specialized EPC services and turnkey EPC for EHV-HV Cables in the domestic market.

As a key driver of grid decarbonization, Sterlite Power has leveraged its position and conductor expertise to advance clean energy solutions. The rising demand for conductors, both domestically and internationally, reflects the commitment of key stakeholders towards achieving net-zero targets and transitioning towards sustainable energy. During Q3, Sterlite Power secured orders to supply conductors and OPGW for prestigious renewable energy evacuation projects. Notable projects include Power Grid Corporation of India limited 765 kV D/c BHADLA III - SIKAR II D/C Line (two packages), 400 kV D/c Part A1 & A3, Phase III (20 GW) project from a private client in Rajasthan. Further, the company continues to strengthen its global presence with large strategic orders from Latin America and Africa in order to strengthen the transmission network(s).

The Power Cable segment continues to see a positive outlook driven by essential infrastructure projects like renewable power generation, T&D infrastructure expansion, and metro railways. Sterlite Power's new orders for metro, data center, and power projects reflect the escalating demand for cables in various infrastructure developments.

Commenting on the new wins, Manish Agarwal, CEO, Global Products & Services business, stated, "We are happy to witness the growing momentum in the supply orders for conductors, OPGW and power cables. The order wins are indicative of the growing demand for our product offerings in India and export markets.

## TCS Expands Strategic Partnership with Aviva with a new 15-year pact in the UK

MUMBAI, Tata Consultancy Services (TCS) (BSE: 532540, NSE: TCS) announced a 15-year expansion of its partnership with Aviva, the UK's leading Insurance, Wealth and Retirement provider, to transform Aviva's UK Life business and enhance customer experience leveraging the TCS BaNCS™ based platform. As part of this, the end-to-end policy administration and servicing will expand to cover over 5.5 million policies, to be managed by Diligenta, TCS' FCA regulated subsidiary in the UK, on behalf of Aviva.

Aviva and TCS have jointly transformed the end-to-end experience of Aviva's customers over the years, through a strong foundation of digitization and simplification. Aviva has now engaged TCS, to extend this enhanced customer experience using the same future-proof TCS BaNCS™ based digital platform to administer other Aviva books of business.

